**આર્થિક ઉત્કર્ષ માટે ધિરાણ આપવા ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ અને ડૉ. આંબેડકર અંત્યોદય વિકાસ નિગમને વર્ષ: ૨૦૨૬-૨૭ માટે પ્રથમ ત્રણ માસ માટેની ગ્રાન્ટ ફાળવવા બાબત...**

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:- SJED/NIR/e-file/17/2025/2631/J,
સચિવાલય, ગાંધીનગર.
તા: ઈ સાઈન મુજબ.

**વંચાણમાં લીધા:-**

૧. નાણા વિભાગનો તા:૦૪/૦૪/૨૬નો પરીપત્ર ક્રમાંક:FD/MSM/e-file/4/2026/0812/Budget-K.

૨. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા:૨૯/૦૪/૨૦૨૬નો ઠરાવ ક્રમાંક: SJED/NIR/e-file/17/2025/2631/J.

૩.નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરીનો તા.૧૨/૦૬/૨૦૨૬નો પત્ર ક્રમાંક:-DSCWG /WRA/e-file/224/2026/1227/M.

**આમુખ:-**

વંચાણે લીધેલ ક્રમાંક:૦૨ પરના તા:૨૯/૦૪/૨૦૨૬ના ઠરાવથી અનુસૂચિત જાતિ કલ્યાણ હસ્તકના ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ અને ડૉ. આંબેડકર અંત્યોદય વિકાસ નિગમને સીધા ધિરાણ યોજના હેઠળ વિવિધ ધંધા/વ્યવસાય/શૈક્ષણિક પ્રવૃત્તિઓ માટે લોન આપવા અંગે કુલ રૂ.૬૨.૫૦/- કરોડની નવી બાબતને વહીવટી મંજૂરી આપવામાં આવેલ હતી.

વંચાણે લીધેલ ક્રમાંક: ૦૩ પરના નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણના તા.૧૨/૦૬/૨૦૨૬ના પત્રથી કરવામાં આવેલ દરખાસ્ત અન્વયે આર્થિક ઉત્કર્ષ માટે ધિરાણ આપવા માટે ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ અને ડૉ. આંબેડકર અંત્યોદય વિકાસ નિગમના હવાલે ગ્રાન્ટ ફાળવવા રજૂ કરેલ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

કાળજીપૂર્વકની વિચારણાને અંતે, સીધા ધિરાણ યોજના હેઠળ વિવિધ ધંધા/વ્યવસાય/ શૈક્ષણિક પ્રવૃત્તિઓ માટે ધિરાણ કરવા અંગે વર્ષ: ૨૦૨૬-૨૭ માં ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમની મંજૂર થયેલ કૂલ રૂ.૨૫.૦૦ કરોડની બજેટ જોગવાઈ પૈકી પ્રથમ ત્રણ માસ માટે રૂ.૬.૨૫/- કરોડ તથા ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમની મંજૂર થયેલ કુલ રૂ.૧૨.૫૦/- કરોડની બજેટ જોગવાઈ પૈકી પ્રથમ ત્રણ માસ માટે રૂ.૩.૧૩/- કરોડની ગ્રાન્ટ નિગમને હવાલે મુકવાની નીચેની શરતોને આધિન આથી મંજૂરી આપવામાં આવે છે.

**શરતો:-**

૧. નાણા વિભાગના તા.૦૪/૦૪/૨૦૨૬ના પરીપત્ર અને વિભાગના તા.૨૯/૦૪/૨૦૨૬ના ઠરાવની શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૨. વિભાગના વંચાણે લીધેલ ક્રમ: ૨ પરના તા.૨૯/૦૪/૨૦૨૬ના ઠરાવની શરતોનું પાલન કરવાનું રહેશે.

Signature Not Verified
Signed by : Dr Anant Garg
Under Secretary
Social justice and
Empowerment Department
Date : 2026.06.29 11:00:13 IST


Open the document in Adobe Acrobat DC to verify the E-sign

૩. સંબંધિત નિગમ દ્વારા નિગમોના બાકીના વર્ષોના હિસાબો, ઓડીટ, પ્રુફ પ્રમાણપત્રની કામગીરી સત્વરે પુર્ણ કરી આ નિગમોના હિસાબો વિધાનસભા ગૃહના મેજ પર મુકાય તેની તકેદારી રાખવાની રહેશે.

<u>બજેટ સદર</u>:- ૯૫-૬૨૨૫-૦૧-૧૯૦-૦૪

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા:૨૦/૦૬/૨૦૨૬ની નોંધથી મળેલ સમંતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

**ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

**(ડૉ. અનંત ગર્ગ)**
ઉપસચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

૧. માન. મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
૨. સચિવશ્રી(સા.ન્યા)ના અંગત મદદનીશશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૩. નાણાં સલાહકારશ્રી(સા.ન્યા), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૪. નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
૫. એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/રાજકોટ.
૬. નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
૭. મેનેજીંગ ડીરેકટરશ્રી, ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ(અનુ.જાતિ), ગાંધીનગર.
૮. મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગર.
૯. સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૧૦. સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. ઉક્ત ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા વિનંતી સહ.
૧૧. પસંદગી ફાઇલ-૨૦૨૬.

Signature Not Verified
Signed by : Dr Anant Garg
Under Secretary
Social justice and
Empowerment Department
Date : 2026.06.29 11:00:13 IST


Open the document in Adobe Acrobat DC to verify the E-sign